કેસ રજુ તા. ૨૭–૦૧–૨૦
દાખલ તા. ૨૭–૦૧–૨૦
ફેંસલ તા. ૧૩–૦૩–૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ

**બોટાદ જીલ્લા અદાલતના મે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. પોક્સો જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સ્પે. પોક્સો કેસ નં. ૦૫/૨૦૨૦
આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** ઘનશ્યામભાઈ જીણાભાઈ જાદવ,
ઉ.વ.આ. ૨૪, ધંધો – ખેત મજુરી,
રહે. ખંભાળા ગામ, સુખપર રોડ,
તા. બાબરા, જી. અમરેલી.

---

**ગુનોઃ–** ઇ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ – ૪, ૬, ૮, ૧૨ મુજબનો ...

---

ફરીયાદી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – કે.એમ.મકવાણા.
આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી – કે.જી.ડાભી.

---

**–: ચુકાદો :–**

૧.) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી જે આ કામના ભોગબનનાર (જન્મ તા.૦૬/૦૧/૨૦૦૩) છે તેણી સગીર વયની હોવાનું જાણવા છતા તેણીની સગીરાવસ્થાનો લાભ લઈ, આરોપીએ ગઈ તા.૦૧/૦૨/૨૦૧૯ ના રાત્રીના ૨૨.૦૦ કલાકથી તા.૦૨/૦૨/૨૦૧૯ ના ૦૧.૦૦ દરમિયાન તેણીને લગ્ન કરવાના ઈરાદે લલચાવી–ફોસલાવી, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ, તેણીની મરજી વિરૂદ્ધ તેણી સાથે

અવાર નવાર શરીર સંબંધ બાંધી, આરોપીએ ગુનો આચરેલ.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૦૮/૨૦૧૯ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલ.

**૨.)** આરોપી વિરૂદ્ધ ઉપર મુજબનો ગુન્હો દાખલ થતાં તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી, આરોપીની અટક કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ.

**૩.)** તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ક્રિ.પ્રો.કો. કલમ – ૧૬૪ મુજબ ભોગબનનારનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરેલી, અને ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાય આવતાં આરોપી વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

**૪.)** ઉપર મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૦૫/૨૦૨૦ આપવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી કે.જી.ડાભી હાજર થયેલા.

**૫.)** શ્રી સરકારપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આંક – ૦૭ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા. ત્યારબાદ મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આરોપી વિરૂદ્ધ આંક – ૧૯ થી તહોમતનામુ ફરમાવી, સદરહુ તહોમતનામાં લગત આંક – ૨૦ થી આરોપીનો જવાબ નોંધતાં આરોપીએ ચાર્જશીટ સાથેનાં તમામ પેપર્સની નકલ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો છે.

૬.) આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|---|
| ૧. | ૨૧ | ફરિયાદી/ ભોગબનનારના પિતા | ફરિયાદી |
| ૨. | ૨૩ | ભોગબનનારના માતા | સાહેદ |
| ૩. | ૨૪ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૪. | ૨૮ | ભોળાભાઈ બોઘાભાઈ ખીહડીયા | પંચસાહેદ |
| ૫. | ૩૦ | અનીલભાઈ કેશુભાઈ મકવાણા | પંચસાહેદ |
| ૬. | ૩૩ | અખીલેશકુમાર સીંઘ | મેડિકલ ઓફિસર |
| ૭. | ૪૩ | ધીરૂભાઈ છગનભાઈ સોસા | પંચસાહેદ |
| ૮. | ૪૬ | ડૉ. કનકલતા ધનજીભાઈ નકુમ | મેડિકલ ઓફિસર |
| ૯. | ૫૦ | પ્રવિણભાઈ વલ્લભભાઈ બાવળીયા | પંચસાહેદ |
| ૧૦. | ૫૨ | રણજીતભાઈ ચાપાભાઈ ધાધલ | પંચસાહેદ |
| ૧૧. | ૫૭ | મુકેશભાઈ જેરામભાઈ ગરાડા | પંચસાહેદ |
| ૧૨. | ૫૯ | લક્ષ્મણભાઈ વિરજીભાઈ મુંજપરા | પંચસાહેદ |
| ૧૩. | ૬૦ | સોહીલભાઈ ઈલ્યાસભાઈ માંકડ | પંચસાહેદ |
| ૧૪. | ૬૩ | જેસીંગભાઈ માધુભાઈ સોલંકી | ત.ક.અધિકારી |
| ૧૫. | ૭૦ | તસ્લીમ હૈદર સલીમ હૈદર રીઝવી | ત.ક.અધિકારી |
| ૧૬. | ૮૧ | અમીતકુમાર ભાવસિંહ દેવધા | ત.ક.અધિકારી |
| ૧૭. | ૮૮ | નયનાબેન સુરજીભાઈ ગામેતી | પી.એસ.ઓ. |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૨ | ફરિયાદ |
| ૨. | ૨૫ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબનું નિવેદન |
| ૩. | ૨૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |

| | | |
|---|---|---|
| ૪. | ૩૧ | આરોપીની અટક પંચનામુ |
| ૫. | ૩૪ | આરોપીની મેડિકલ તપાસણી કરવા કરેલ યાદી |
| ૬. | ૩૫ | ભોગનબનારની મેડિકલ તપાસણી કરવા કરેલ યાદી |
| ૭. | ૩૬ | ભોગબનનારને ગાયનેક તપાસ સારૂ રીફર કરેલા તે અંગેની રીફર સ્લીપ |
| ૮. | ૩૭ | ભોગબનનારનું મેડિકલ સર્ટીફિકેટ |
| ૯. | ૩૮ | ભોગબનનારના નમુના તપાસણી માટે એફ.એસ.એલ.ને મોકલેલા તે યાદી |
| ૧૦. | ૩૯ | ભોગબનનારની મેડિકલ તપાસણી કરવા લીધેલ સંમતિપત્રક |
| ૧૧. | ૪૦ | આરોપીનું તબીબ પ્રમાણપત્ર |
| ૧૨. | ૪૧ | આરોપીના નમુનાઓ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલેલા તે યાદી |
| ૧૩. | ૪૨ | આરોપીની મેડિકલ તપાસણી કરવા સંમતિ લીધેલ તે પત્રક |
| ૧૪. | ૪૭ | ભોગબનનારની મેડિકલ તપાસણી કરવા સારૂ સર ટી. હોસ્પિટલ ભાવનગરને કરેલ યાદી |
| ૧૫. | ૪૮ | રીફર સ્લીપ |
| ૧૬. | ૪૯ | ભોગબનનારનું ગાયનેક તપાસણી અંગેનું પ્રમાણપત્ર |
| ૧૭. | ૫૧ | આરોપી તથા ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૧૮. | ૫૩ | આરોપીએ ગુનાના કામે વાપરેલ મુદ્દામાલ મોટરસાયકલ કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૧૯. | ૫૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨૦. | ૬૧ | ગુન્હો રજીસ્ટર કરવા કરેલ યાદી |
| ૨૧. | ૬૫ | ડેપ્યુટ હુકમ |
| ૨૨. | ૬૬ | તપાસના કામે બહારગામ જવાની મંજુરી એસ.પી.શ્રી પાસે માંગેલ તે યાદી |
| ૨૩. | ૬૭,૬૮ | ખાંભળા ગામે જવા સ્થાનિક બાબરા પોલીસની મદદ માંગતી યાદીઓ |
| ૨૪. | ૭૧ | એરેસ્ટ મેમો |
| ૨૫. | ૭૨ | ભોગબનનારની ગાયનેક સંબંધી તપાસ કરવા સર ટી. હોસ્પિટલ ખાતે કરેલ યાદી |
| ૨૬. | ૭૩ | ભોગબનનારનું સંમતિપત્રક |

| | | |
|---|---|---|
| ૨૭. | ૭૪ | ભોગબનનારના માતાનું સંમતિપત્રક |
| ૨૮. | ૭૫ | ભોગબનનારના પિતાનું સંમતિપત્રક |
| ૨૯. | ૭૬ | ભોગબનનારનું મેડિકલ સર્ટીફિકેટ મેળવવા સર ટી. હોસ્પિટલ ખાતે કરેલ યાદી |
| ૩૦. | ૭૭ | આરોપી તથા ભોગબનનારના મેડિકલ સેમ્પલો એફ.એસ.એલ. જુનાગઢને મોકલવા માટે કરેલ રવાનગી નોંધ |
| ૩૧. | ૭૮ | મુદ્દામાલ એફ.એસ.એલ. જુનાગઢને મળ્યા અંગેની પહોચ |
| ૩૨. | ૭૯ | કલમ ઉમેરો કરવા નામદાર અદાલતમાં કરેલ યાદી |
| ૩૩. | ૮૨ | ભોગબનનાર તથા આરોપી જે જગ્યાએ રોકાયેલા તે જગ્યાની તપાસ કરવા કરેલ યાદી |
| ૩૪. | ૮૩ | બી.સી. ગોહિલનાઓએ બનાવવાળી જગ્યાએ જઈ તપાસ કરેલી જે તપાસ સંભાળી લેવા પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.દેવધાને કરેલ યાદી |
| ૩૫. | ૮૪ | એફ.એસ.એલ. જુનાગઢનો મુદ્દામાલ અભિપ્રાય |
| ૩૬. | ૮૬ | ભોગબનનારની જન્મ અંગેની ખરાઈ કરી પ્રમાણપત્ર આપવા કરેલ યાદી |
| ૩૭. | ૮૭ | ભોગબનનારની શાળાનું ભોગબનનારનું જન્મપ્રમાણપત્ર |
| ૩૮. | ૮૯ | સ્ટેશન ડાયરીનો ઉતારો |
| ૩૯. | ૯૦ | એફ.આઈ.આર. |

**૭.)** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક- ૯૧ ની ક્લોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતાં તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ ન હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, સદરહુ ગુન્હા અંગે તેઓ કશુ જાણતા નથી. તેઓને આ ગંભીર ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ હોય, તેઓ વિરૂદ્ધ પુરાવો મળી આવેલ ન હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૮.)** ત્યારબાદ ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૪ હેઠળ

વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપી તરફે વિદ્ધાન ધારાશાસ્ત્રીશ્રી કે.જી.ડાભીની દલીલો સાંભળી, જે ધ્યાને લીધી.

૮.૧) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી, ભોગબનનાર, ભોગબનનારના માતા તથા અન્ય તમામ સાહેદોના નિવેદનો તથા કોર્ટ સમક્ષની જુબાની જોતાં આ કામના આરોપી વિરૂદ્ધ હાલનો કેસ શંકારહિત પુરવાર કરવામાં આવેલ છે. જે સંજોગોમાં આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા તથા દંડ કરવા વિનંતી કરેલ છે.

૮.૨) જ્યારે બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી કે.જી.ડાભી દ્રારા બચાવ રજુ કરેલ છે કે, આ કામના ફરીયાદી જે મહત્વના સાહેદ હોવા છતાં તેમણે બનાવને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફરીયાદીને ફરીયાદપક્ષે સુચક પશ્નો પુછેલ હોવા છતાં ફરીયાદપક્ષનો કેસ પુરવાર થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે ભોગબનનારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમના પુરવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી. જેથી ફરીયાદપક્ષના મહત્વના સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ રાખતાં નથી.

આમ, સમગ્ર હકીકતે ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનું તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વિદ્ધાન વકીલશ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આરોપીને આ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૯.) સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧.) શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી જે આ કામના ભોગબનનાર (જન્મ તા.૦૬/૦૧/૨૦૦૩) છે તેણી સગીર વયની હોવાનું જાણવા છતા તેણીની સગીરાવસ્થાનો લાભ લઈ, આરોપીએ ગઈ તા.૦૧/૦૨/૨૦૧૯ ના રાત્રીના ૨૨.૦૦ કલાકથી તા.૦૨/૦૨/૨૦૧૯ ના ૦૧.૦૦ દરમિયાન તેણીને લગ્ન કરવાના ઈરાદે

લલચાવી–ફોસલાવી, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ, તેણીની મરજી વિરૂદ્ધ તેણી સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી, આરોપીએ ઈ.પી.કોડ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ – ૪, ૬, ૮, ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) નકારમાં

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**–: કારણો :–**

**૧૦.)** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ **સાહેદ નં. ૧ ફરિયાદીને આંક – ૨૧** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની દીકરી થાય છે જેની જન્મતારીખ તેમને ખબર નથી. બનાવ આશરે ચાર પાંચ વર્ષ પહેલા બનેલો. તેઓ અને તેમના પત્ની ભાવુબેન તમામ જમીને રાત્રિના ૧૦ વાગ્યે સુઇ ગયેલા અને ત્યારે રાત્રિના સમયે જાગતાં ભોગબનનાર દીકરી જોવામાં આવેલ નહી. તેમના પત્નીને પુછતાં તેણીએ કહેલ કે, બહાર જાજરૂ જવા ગઇ હશે તેમ વાત થયેલ પછી તેઓ તેમના પત્ની અને દીકરાઓ ભોગબનનારને શોધવા ગયેલા પરંતુ તે ક્યાંય મળી આવેલ નહી અને તપાસ કરતાં જાણવા મળેલ કે, તેઓ ખંભાળા લગ્નમાં ગયેલ તો ત્યાં ભોગબનનારને કોઇ ઇસમની સાથે ઓળખાણ થયેલી હતી જેનું નામ તેમને ખબર નથી. ત્યારબાદ તેઓએ તે બાબતે કાઇ તપાસ કરેલી નહી. તેમની દીકરીને કોની સાથે પ્રેમસંબંધ હતો તેની તેમને ખબર નથી. ભોગબનનાર તેના મામાના ઘરે લીંબાળી કોઇને કહ્યા વગર જતી રહેલી અને ફરીયાદની તેને જાણ થતાં તે જાતે પરત ઘરે આવી ગયેલી. ફરિયાદીને તેમની ફરિયાદ બતાવતા તેમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવી, આંક – ૨૨ થી રજુ રાખેલ છે. આરોપી ભોગબનનારને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લઇ ગયેલ હોય અને ભોગબનનાર દીકરી

સાથે બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી. તેઓ આરોપીને ઓળખતા નથી.

સદરહુ ફરિયાદીની જુબાની ધ્યાને લેતાં તેઓ ફરિયાદની હકીકતને સમર્થનરૂપ પુરાવો આપતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરાવી તેની લંબાણપૂર્વકની ઉલટતપાસ કરેલ છે, પરંતુ તેમ છતાં ફરિયાદીએ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલી નથી.

ફરિયાદીની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પોલીસે માત્ર તેમને નામ સરનામું અને ઉમર પુછેલી. ફરીયાદ તેમની સાથેના માણસોએ લખાવેલી. પોલીસે તેમની તૈયાર ફરીયાદમાં માત્ર અંગુઠાનું નિશાન લીધેલ તે સિવાય બીજુ તેમણે પોલીસને કાઇ જણાવેલ નહી. આરોપીએ ભોગબનનારને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઇરાદે લઇ ગયેલ હોય અને તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. ભોગબનનાર કોઇને કહ્યા વગર તેના મામાના ઘરે જતી રહેલી અને તે જાતે જ ઘરે પરત આવી ગયેલી. તેમને ભોગબનનાર દીકરીની જન્મતારીખ યાદ નથી.

– ઉપરોક્ત ફરિયાદીના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તેમની ભોગ બનનાર દિકરી તેમના મામાને ત્યાં જતી રહેલી. એટલુ જ નહી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, તેમની ભોગબનનાર દીકરીને કોઈ લલચાવી ફોસલાવીને લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. વધુમાં ફરિયાદી દ્વારા ભોગબનનારની ચોક્કસ જન્મ તારીખ અંગેનો કોઈ આધારભૂત પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે આરોપીને તેઓ નામદાર અદાલત રૂબરૂ ઓળખી શકતા નથી. આમ, ફરિયાદીનો પુરાવો આ કામના આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થાય તેવો રજુ થયેલો નથી. તેમજ ફરિયાદીએ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઇ પુરાવો રજુ કરેલ ન હોવાથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો નથી.

**૧૧.)** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ભોગબનનારના માતાને આંક – ૨૩** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગનબનાર તેમની દીકરી થાય છે, જેની જન્મતારીખ તેમને ખબર નથી. બનાવ આશરે ચાર પાંચ વર્ષ પહેલા બનેલો. તેઓ અને તેમના પતિ તમામ જમીને રાત્રિના ૧૦ વાગ્યે સુઇ ગયેલા અને ત્યારે રાત્રિના સમયે જાગતાં ભોગબનનાર દીકરી જોવામાં

આવેલ નહી જેથી તેઓએ તેમના પતિને કહેલ કે, બહાર જાજરૂ જવા ગઈ હશે તેમ વાત થયેલ પછી તેઓ તેમના પતિ અને દીકરાઓ ભોગબનનારને શોધવા ગયેલા પરંતુ તે ક્યાય મળી આવેલ નહી અને તપાસ કરતાં જાણવા મળેલ કે, તેઓ ખંભાળા લગ્નમાં ગયેલ તો ત્યાં ભોગબનનારને કોઇ ઇસમની સાથે ઓળખાણ થયેલી હતી તેનું નામ તેમને ખબર નથી. ત્યારબાદ તેઓએ તે બાબતે કાઇ તપાસ કરેલી નહી. તેમની દીકરીને કોની સાથે પ્રેમસંબંધ હતો તેની તેમને ખબર નથી. ભોગબનનાર તેના મામાના ઘરે લીંબાળી કોઇને કહ્યા વગર જતી રહેલી અને ફરીયાદની તેને જાણ થતાં તેની જાતે પરત ઘરે આવી ગયેલી. બનાવ અંગેની ફરીયાદ તેમના પતિએ આપેલી. આરોપી ભોગબનનારને લલચાવી–ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લઇ ગયેલ હોય અને ભોગબનનાર દીકરી સાથે બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી. આરોપીને તેઓ ઓળખતા નથી.

સદરહુ સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓ પોતાના નિવેદનની હકીકતને સમર્થનરૂપ પુરાવો આપતા ન હોય, વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરાવી તેની લંબાણપૂર્વકની ઉલટતપાસ કરેલ છે, પરંતુ તેમ છતાં સાહેદે ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલી નથી.

સાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, પોલીસે માત્ર તેમને નામ સરનામું અને ઉમર પુછેલી. આરોપીએ ભોગબનનારને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લઇ ગયેલ હોય અને તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. ભોગબનનાર કોઇને કહ્યા વગર તેના મામાના ઘરે જતી રહેલી અને તે જાતે જ ઘરે પરત આવી ગયેલી. તેમને ભોગબનનાર દીકરીની જન્મતારીખ યાદ નથી.

– આમ, ઉપરોક્ત સાહેદનો પુરાવો આ કામના આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થાય તેવો રજુ થયેલો નથી. વધુમાં તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી ભોગબનનારને લલચાવી, ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લઈ ગયેલ હોય અને તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. આમ, આ સાહેદે આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઇ પુરાવો રજુ કરેલ ન હોવાથી આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો નથી.

**૧૨.)** ફરીયાદપક્ષે **સાહેદ નં. ૩ ભોગબનનારને આંક – ૨૪** થી સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેણીને તમની જન્મતારીખ ખબર નથી. બનાવ આશરે ચાર પાંચ વર્ષ પહેલા બનેલો. તે સમયે તેઓ તેમના સગા ફઇ રેખાબેનના ઘરે બાબરા ગયેલા હતાં અને ત્યા સીલાઇ કામ કરતી હતી તેમજ તેમના બહેનપણી જયાબેન અવાર નવાર મળતાં હતાં. તેણી તેમના માનેલા ભાઇને ઓળખતી નથી. તે ક્યાના છે તેની તેમને ખબર નથી. તેમની સાથે ક્યારે મુલાકાત થયેલ તે હાલ તેમને યાદ નથી. કોઇએ ફોન અપાવેલ હોય અને તેની સાથે વાતચીત કરતી હોય તેવું બનેલ નથી તેમજ તેઓ ઇતરીયા આવી તેમની સાથે ફોનમાં કોઇ વાત થયેલી નહી. કોઇ દસ્તાવેજ તેઓએ માંગેલ નહી. તેણી કોઇ ઇસમ સાથે મોટરસાયકલમાં બેસીને રાત્રિના પ્રથમ રાજકોટ તેમજ ત્યાંથી અમરેલી સુરત વિગેરે ગામોએ ગયેલા હોય અને ત્યાં તેમની સાથે ગયેલ નથી. તેણી તેમના મામાના ઘરે લીંબાળી કોઇને કહ્યા વગર જતી રહેલી અને ફરીયાદની તેને જાણ થતાં તેણી જાતે પરત ઘરે આવી ગયેલી. આરોપી તેણીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઇરાદે લઇ ગયેલ હોય અને તેણી સાથે બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી. બનાવ અંગેની ફરીયાદ તેણીના પિતાએ આપેલી. પોલીસ તેણીને પ્રથમ ગઢડા અને બાદમાં ભાવનગર સરકારી દવાખાને લઇ ગયેલી જ્યા તેણીએ ડોક્ટરને બનાવ વિશે કોઇ વાત કરેલી નહી. પોલીસ તેણીને કોર્ટમાં લઇ ગયેલી જ્યા તેણીએ તેમની સાથેના મહીલા પોલીસના શીખવાડ્યા મુજબ લખાવેલું. તેણીએ પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં, ભોગબનનારને નામદાર અદાલત રૂબરૂ બનાવ સમયે પહેરેલા કપડા બતાવતા તે તેણીના ન હોવાનું જણાવે છે. આરોપી તેણીના પતિ થતા હોવાથી તેણી તેને ઓળખે છે. બનાવ વખતે તેણીની ઉમર ૧૮ વર્ષની હતી.

આમ, આ સાહેદે ફરીયાદ કે તેના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદન પ્રમાણે પુરાવો રજુ કરેલો ન હોય વિદ્વાન પી.પી.શ્રીએ તેમને સુચક પ્રશ્નો પુછેલાં. તેમ છતાં તેમાંથી કોઇ ફળદાયી હકીકતો રેકર્ડ ઉપર આવેલી નથી.

સદરહુ ભોગબનનારે પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે ફક્ત તેણીનું નામ, સરનામુ પુછેલુ તે સિવાય બીજી કોઈ વિગત તેણીએ પોલીસને

જણાવેલ નથી. તેણીએ ડોક્ટર સમક્ષ કોઈ વાતચીત કરેલ નથી. તેણીએ પોલીસ સમક્ષ કોઈ કપડા રજુ કરેલ નથી. તેણી તેણના પિતાના ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહેલી અને તેમની જાતે પરત આવી ગયેલી. તેણીને કોઈ ઘરેથી લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. તેણીને કોઈ આરોપી ઈસમ લઈ ગયેલ હોય અને તેણી સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. તેણીએ જજ સાહેબ સમક્ષ જે નિવેદન આપેલ તે પોલીસના સમજાવ્યા મુજબ આપેલ.

– આમ, ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન કરતાં, તેણી જે આ કામના ભોગબનનાર છે તેણીએ ફરીયાદમાં જે આક્ષેપો કરેલા છે તે મુજબનો લેશમાત્ર પુરાવો આ કામે રજુ કરેલો નથી. આમ, આ કામના આક્ષેપિત ગુનાના તત્વો પુરવાર થાય કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો તેનો પુરાવો નથી. આથી ભોગ બનનાર સાહેદની જુબાનીમાં તેણીને આરોપીએ લલચાવી–ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ, તેણી સાથે અવારનવાર શરીર સંભોગ કરી ગુનો આચરવામાં આવ્યો હોય તેવી લેશમાત્ર હકીકત ભોગ બનનાર જણાવતા નથી. તેઓએ ફરિયાદપક્ષના કેસને સમગ્રતયા નકારી કાઢેલ છે.

૧૩.) વધુમાં ફરીયાદપક્ષે **સાહેદ નં. ૬ ડો. અખીલેશકુમાર સીંઘને આંક–૩૩** થી તેમજ **સાહેદ નં. ૮ ડો. કનકલતા ધનજીભાઈ નકુમને આંક–૪૬** થી સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં આ કામના આરોપી તથા ભોગબનનારની શારીરિક તપાસણી તથા ભોગબનનારની ગાયનેક તપાસ કરી, તેમના શરીર ઉપરથી જરૂરી નમુનાઓ લઈ ફોરેન્સીક તપાસણી અર્થે મોકલાવેલા. તેમજ આરોપી તથા ભોગબનનારની મેડિકલ તપાસણી અંગેના પ્રમાણપત્ર આપેલા જે આ કામે રજુ રાખેલ છે. પરંતુ જ્યારે ફરીયાદપક્ષના મહત્વના સાહેદ ખુદ ભોગબનનારનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો ન હોય તે સંજોગોમાં સદરહુ મેડિકલ ઓફિસરશ્રીઓનો પુરાવો ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી હોવા છતાં તહોમતના તત્વો સાબિત કરવા માટે મહત્વનો કે જરૂરી પુરાવો બની શકેલ નથી.

૧૪.) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૪ પંચ ભોળાભાઈ બોઘાભાઈ ખીહડીયાને આંક– ૨૮** થી તપાસેલ છે. જેઓએ આ કામે આંક – ૨૯ થી

રજુ કરેલ બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેમની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આંક – ૨૯ વાળુ પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

૧૬.) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૫ પંચ અનીલભાઈ કૈશુભાઈ મકવાણાને આંક– ૩૦** થી તથા **સાહેદ નં. ૭ પંચ ધીરૂભાઈ છગનભાઈ સોસાને આંક – ૪૩ થી** તપાસેલ છે. જેઓએ આ કામે આંક – ૩૧ થી રજુ આરોપીની અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેમની હાજરીમાં આરોપીની અટક કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આંક – ૩૧ વાળુ આરોપીની અટક પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

૧૬.) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૯ પંચ પ્રવિણભાઈ વલ્લભભાઈ બાવળીયાને આંક– ૫૦** થી તપાસેલ છે. જેઓએ આ કામે આંક – ૫૧ થી રજુ ભોગબનનાર તથા આરોપીના કપડા કબજે કર્યા અંગેના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેમની હાજરીમાં ભોગબનનાર તથા આરોપીના કપડા કબજે કરવામાં આવેલા નથી. તે સંજોગોમાં આંક – ૫૧ વાળુ ભોગબનનાર તથા આરોપીના કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

૧૭.) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૦ પંચ રણજીતભાઈ ચાપાભાઈ ધાધલને આંક– ૫૨** થી તપાસેલ છે. જેઓએ આ કામે આંક – ૫૩ થી રજુ આરોપીએ ગુનાના કામે વાપરેલ મુદ્દામાલ મોટરસાયકલ કબજે કર્યા અંગેના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેમની હાજરીમાં મુદ્દામાલ મોટરસાયકલ કબજે કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આંક – ૫૩ વાળુ મુદ્દામાલ મોટરસાયકલ કબજે કર્યા અંગેનું પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

૧૮.) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૧ પંચ મુકેશભાઈ જેરામભાઈ ગરાડાને આંક– ૫૭** થી તથા **સાહેદ નં. ૧૨ પંચ લક્ષ્મણભાઈ વિરજીભાઈ મુંજપરાને આંક – ૫૯ થી** તપાસેલ છે. જેઓએ આ કામે આંક – ૫૮ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેઓને ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને તે અંગેનું પંચનામુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આંક – ૫૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

૧૯.) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૩ પંચ સોહીલભાઈ ઈલ્યાસભાઈ માંકડને આંક– ૬૦** થી તપાસેલ છે. જેઓએ આ કામે આંક – ૬૧ થી રજુ ભોગબનનાર તથા આરોપીના મેડિકલ સેમ્પલો કબજે કર્યા અંગેના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેમની હાજરીમાં ભોગબનનાર તથા આરોપીના મેડિકલ સેમ્પલો કબજે કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આંક – ૬૧ વાળુ ભોગબનનાર તથા આરોપીના મેડિકલ સેમ્પલો કબજે કર્યા અંગેનું પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

૨૦.) ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૪ તપાસ કરનાર અમલદાર જેસીંગભાઈ માધુભાઈ સોલંકીને આંક – ૬૩** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજ તેઓ ગઢડા પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે ફરજ પર હતા ત્યારે ફરીયાદીની તેઓ રુબરુની ફરીયાદ લઇ પી.એસ.ઓ.ને ગુન્હો રજીસ્ટર કરવા યાદી કરેલી. તેમજ પી.એસ.ઓ. ગઢડાનાએ સદર ગુન્હાની તપાસ તેઓ તરફ ડેપ્યુટ કરેલ. ત્યારબાદ તેઓએ આ ગુન્હાની તપાસ સંભાળેલી તેમજ આ કામે ભોગબનનાર ગુમ થયાનુ ફોર્મ ભરેલુ. આરોપીઓના મોબાઇલ નંબરનો સી.ડી.આર. મેળવવા ફોર્મ ભરી એસ.પી. ઓફીસમા એલ.સી.બી. શાખામા મોકલવામા આવેલ. આ કામે ભોગબનનાર જે જગ્યાએ થી ગયેલા સ્થાનીક જગ્યાનુ પંચનામુ પંચોની હાજરીમા કરેલુ તેમજ આ

તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ આ કામે આરોપીની તપાસ કરવા તેના ગામે ખંભાળા ગયેલ જે બાબતે બહાર ગામ જવાની મંજુરી એસ.પી.શ્રી પાસે માગેલી. ત્યારબાદ ખંભાળા ગામે જવા સ્થાનીક બાબરા પોલીસની મદદ માંગતી બે યાદીઓ કરેલી.

આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, સદરહુ ગુન્હાની ફરિયાદ તેમણે લીધેલી તેમજ તપાસ પણ તેઓએ જ કરેલ છે.

**૨૧.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૫ તપાસ કરનાર અમલદાર તસ્લીમ હૈદર સલીમ હૈદર રીઝવીને આંક – ૭૦** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને સદરહુ ગુનાની તપાસ મળતા તેઓએ આ કામે ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલુ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીની તપાસ બાબતે તેઓએ શંકાસ્પદ મોબાઈલ નંબરો મળેલા જે મોબાઈલ નંબર પરથી સી.ડી.આર. કઢાવવા માટે રીપોર્ટ કરેલો અને તે સી.ડી.આર.ના આધારે આરોપી તથા ભોગબનનારનું લોકેશન સુરત મુકામે મળતા પ્રોબેશનલ ના.પો.અ.શ્રી ગામીત સાહેબ તથા પોલીસ સ્ટાફને આરોપી તપાસ માટે સુરત મુકામે મોકલી આપેલા. જેઓ આરોપી તથા ભોગબનનારને લઈ આવતા આરોપી ઘનશ્યામ જીણાભાઈ જાવદને ગુન્હાના કામે બે પંચો રુબરુ અટક કરવામા આવેલ અને તેની પાસેથી મોબાઈલ ફોન તેમજ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલા. તેમજ આરોપીને અટક કર્યા બદલ એરેસ્ટ મેમો તૈયાર કરેલો. ત્યારબાદ આરોપી તથા ભોગબનનારના બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા બાબતનું પંચો રુબરુ પંચનામુ કરેલુ. તેમજ આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા સી.એચ.સી. ગઢડાને યાદી કરેલી. આરોપીએ બનાવ વખતે વાપરેલ મો.સા. પંચનામાની રુએ કબજે લીધેલ. ત્યારબાદ ભોગબનનારની ગાયનેક સંબંધી તપાસ કરવા સર.ટી. હોસ્પીટલ ખાતે યાદી કરેલી. મેડીકલ તપાસણી બાદ ભોગબનનાર તેણીના માતાપિતા સાથે જવા માંગતી હોય તે બદલનુ ભોગબનનારનુ તથા તેના માતાપિતાનુ સંમતીપત્ર મેળવેલ. ત્યારબાદ આ

કામે સરકારી દવાખાનેથી આરોપી તથા ભોગબનનારના મેડીકલ સેમ્પલો આવતા પંચનામાની રુએ કબજે લીધેલા. ત્યારબાદ ભોગબનનારનું મેડીકલ સર્ટી મેળવવા સર.ટી હોસ્પિટલને યાદી કરેલી. સદરહુ યાદી અન્વયે ભોગબનનારનું સર્ટી આવતા કામમા સામેલ રાખેલ. ત્યારબાદ આ કામે આરોપી તથા ભોગબનનારના મેડીકલ સેમ્પલો તથા કબજે કરેલ કપડાઓ વિગેરે અંગે એફ.એસ.એલ. જુનાગઢને મોકલાવા માટે રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપેલ. ઉપરોકત મુદામાલ મળ્યા અંગેની પહોચ એફ.એસ.એલ. જુનાગઢથી આવતા કામમા સામેલ રાખેલ. તેમજ ભોગબનનારનું સી.આર.પી.સી. ૧૬૪ મુબજનુ નિવેદન મેળવવા માટે નામ.કોર્ટમા યાદી કરેલી. ભોગબનનાર સાથે શરીર સંબંધ બંધાયાની હકીકત તપાસમા ખુલતા નામ.કોર્ટમા કલમ ઉમેરો કરવા બાબતની યાદી કરેલી.

આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે ફરિયાદપક્ષને મદદરૂપ કોઈ હકીકત જણાવેલી નથી.

૨૨.) ફરીયાદપક્ષે **આંક–૮૧ થી સાહેદ નં. ૧૬ તપાસ કરનાર અમલદાર અમીતકુમાર ભાવસિંહભાઈ દેવધા**ને સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને સદર ગુન્હાની તપાસ મળતાં તેઓએ હેડ કોન્સ્ટેબલ બી.સી. ગોહિલને ભોગબનનાર તથા આરોપી જે જગ્યાએ રોકાયેલ તેની તપાસ કરવા રીપોર્ટ કરેલો. ત્યારબાદ બી.સી.ગોહિલનાઓએ બનાવવાળી જગ્યાએ જઈ તપાસ કરેલી જે રીપોર્ટ તેઓને સંભાળી લેવા યાદી કરેલ. ત્યારબાદ આ કામે એફ.એસ.એલ. જુનાગઢ તરફથી મુદ્દામાલ અભિપ્રાય આવતા કામમાં સામેલ રાખેલ. તેમજ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલું.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રીઓની સમગ્રપણે જુબાની જોતાં તેઓએ ત.ક.અધિકારી તરીકે તેમની ફરજના ભાગ રૂપે કરવી પડતી કાર્યવાહી કરેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં તેઓ દ્વારા ભોગબનનારની જન્મતારીખ સંબંધે કોઈપણ પ્રકારની તપાસ કરી હોય તેવું જણાતું નથી. વધુમાં આ કામે જે સાહેદોને તપાસવામાં આવેલા છે તેમના પુરાવાથી તપાસ કરનાર અધિકારી દ્વારા જે તપાસ

કરવામાં આવેલી છે તે આરોપીને સજા કરી શકાય તેટલી પૂરતી જણાતી નથી અને તેઓની તપાસને કોઈપણ પ્રકારનું સમર્થન પ્રાપ્ત થતું નથી.

૨૩.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧૭ પી.એસ.ઓ. નયનાબેન સુરજીભાઈ ગામેતીને આંક – ૮૮** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજ તેઓ ફરજ પર હતા ત્યારે તેઓ રૂબરૂ ફરિયાદ મુજબનો ગુનો રજીસ્ટર કરવાની યાદી મળેલી. ત્યારબાદ સદર ફરિયાદ મુજબનો ગુનો દાખલ કરેલ. જેની સ્ટેશન ડાયરીનો ઉતારો તેમજ એફ.આઈ.આર. આ કામે રજુ રાખેલ છે. ત્યારબાદ સદરહુ ગુન્હાની તપાસ શ્રી જે.એમ.સોલંકી, પી.આઈ. ગઢડાનાઓને સોંપવા પી.એસ.ઓ. તરીકે યાદી કરેલી. બચાવપક્ષે સદરહુ સાહેદની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

– આમ, હાલના સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ પી.એસ.ઓ. તરીકે કરવી પડતી કામગીરી કરેલાનું જણાય આવે છે. જેથી સાહેદે તેમની ફરજના ભાગ રૂપે કરવી પડતી કાર્યવાહી કરેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે.

૨૪.) સદર કામે ફરીયાદપક્ષે મહત્વના સાહેદ એવા ફરીયાદી/ભોગબનનારના પિતા, ભોગબનનારના માતા તથા ભોગબનનારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીઓને સાંકળતો તેઓએ કોઇ પુરાવો રજુ રાખેલો નથી. ભોગબનનાર કે જે આ કામના અતિમહત્વના સાહેદ છે. તેઓએ તદ્દન વિપરીત જુબાની આપેલ છે. તેઓના પુરાવામાં બનાવના દિવસે તેણી તેમના મામાના ઘરે કોઈને કહ્યા વગર જતી રહેલી. તેમજ આરોપીએ તેણીને લલચાવી ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે લઈ ગયેલ હોય અને તેણી સાથે બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી તેવો પુરાવો રજુ કરેલો છે.

તેમજ તેણીના પિતા તથા માતાએ પણ આ કામના આરોપીએ જ તેની ભોગબનનારને આરોપી લલચાવી ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે લઈ જઈ તેણી સાથે શરીર સંબંધ બાંધેલ હોઈ તેવું બનેલ નથી તેમ જણાવેલ છે. આમ, મહત્વના સાહેદોએ જ ફરીયાદપક્ષની હકીકતોથી વિપરીત પુરાવો રજુ કરેલો છે. જેથી પંચસાહેદો, મેડિકલ ઓફિસરશ્રીઓ કે અન્ય પોલીસ અધિકારીશ્રીનો પુરાવો હાલના

તબક્કે ગૌણ બની જાય છે. આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

**૧.)** આરોપી ઘનશ્યામભાઈ જીણાભાઈ જાદવ, રહે. ખંભાળા ગામ, સુખપર રોડ, તા. બાબરા, જી. અમરેલીને ઇ.પી.કો. કલમ- ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટની કલમ - ૪, ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આરોપીના જામીન તથા જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

**૩.)** આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

**૪.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ તથા મોટરસાયકલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાના હુકમો આથી કાયમ કરવામાં આવે છે. તેમજ અન્ય મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૩ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઇ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

જે.કે.કછોટ